પ્રશ્નાંક ૩૨

③

રાજકોટ જિલ્લામાં વીડીઓમાંથી એકત્ર કરેલ ઘાસ

*૧૫/૪/૭૮૧ શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં વન વિભાગ દ્વારા વીડીઓમાંથી વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪માં કેટલું ઘાસ એકત્ર કરવામાં આવ્યું, અને

(૧)

| વર્ષ | એકત્રિત કરેલ ઘાસ (લાખ કિ.ગ્રા.) |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૩૫.૮૨ |
| ૨૦૨૩–૨૪ | ૭.૫૪ |

(૨) તે પૈકી કેટલું ઘાસ ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવ્યું?

(૨)

| વર્ષ | ગોડાઉનમાં સંગ્રહ કરેલ ઘાસનો જથ્થો (લાખ કિ.ગ્રા.) |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૩૫.૮૨ |
| ૨૦૨૩–૨૪ | ૭.૫૪ |

---

ક્રમાંકઃ વસપ/૧૧૨૦૨૪/તા.પ્ર.૧૪/મ
વન અને પર્યાવરણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૩૦/૦૧/૨૦૨૪

ગુજરાત વિધાનસભાના તારીખઃ ૧૦/૦૧/૨૦૨૪ તારાંકિત પ્રશ્નઃ ૧૫/૪/૭૮૧ અન્વયે જરૂરી કાર્યવાહી સારુ

(આસવ ગઢવી)
નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

નકલ રવાનાઃ

૧. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,(HoFF),અરણ્ય ભવન, સેક્ટર–૧૦,ગાંધીનગર

૨. સેક્શન અધિકારી(સંકલન), અ–૧ શાખા, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૩. શાખા સિલેક્ટ ફાઇલ–૨૦૨૪

# અગ્રતાક્રમાંક.૧૧

ગીતાબા જાડેજા (ગોંડલ)

**પ્રશ્ન**

**રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩માં તાલુકાવાર કેટલું ઘાસ એકત્રિત કરવામાં આવ્યું, કેટલા માનવદિન ઉત્પન્ન થયેલ છે અને કુલ કેટલી રકમ મજુરોને ચુકવણું કરવામાં આવેલ છે.**

**જવાબ**

રાજકોટ જિલ્લામાં વર્ષ **૨૦૨૨-૨૩**માં કુલ **૩૫.૮૨ લાખ કિ.ગ્રા** ઘાસ એકત્ર કરવામાં આવેલ છે. તેની પાછળ કુલ **૩૫૬.૮૪ લાખ**નો ખર્ચ થયેલ છે, કુલ **૬૦,૨૫૯ માનવદિન** ઉત્પન્ન થયેલ છે. અને **રૂ.૨૧૪.૧૧ લાખ**ની રકમનું મજુરોને ચુકવણું કરવામાં આવેલ છે.

**વર્ષ ૨૦૨૨-૨૩**

| તાલુકાનું નામ | એકત્રિત કરેલ ઘાસ (લાખ કિ.ગ્રા) | ઉત્પન્ન થયેલ માનવદિન | મજુરોને કરાયેલ ચુકવણું |
|---|---|---|---|
| કોટડા સાંગાણી | ૧.૫૦ લાખ કી.ગ્રા. | ૨૬૦૦ | ૯.૨૪ લાખ |
| લોધીકા | ૫.૦૦ લાખ કી.ગ્રા. | ૮૬૬૭ | ૩૦.૭૯ લાખ |
| પડધરી | ૦.૯૫ લાખ કી.ગ્રા. | ૧૬૫૦ | ૫.૮૬ લાખ |
| રાજકોટ | ૨.૪૬ લાખ કી.ગ્રા. | ૪૨૫૪ | ૧૫.૧૧ લાખ |
| ગોંડલ | ૧૫.૦૫ લાખ કી.ગ્રા. | ૨૪૨૫૨ | ૮૬.૧૭ લાખ |
| જામકંડોરણા | ૩.૩૫ લાખ કી.ગ્રા. | ૫૩૯૮ | ૧૯.૧૮ લાખ |
| ઉપલેટા | ૨.૬૦ લાખ કી.ગ્રા. | ૪૧૮૯ | ૧૪.૮૮ લાખ |
| જસદણ | ૩.૪૧ લાખ કી.ગ્રા. | ૬૪૨૨ | ૨૨.૮૩ લાખ |
| વિંછીયા | ૧.૫૦ લાખ કી.ગ્રા. | ૨૮૨૯ | ૧૦.૦૫ લાખ |
| **કુલ---** | **૩૫.૮૨ લાખ કી.ગ્રા.** | **૬૦૨૫૯** | **૨૧૪.૧૧ લાખ** |

# અગ્રતાક્રમાંક.૧૧

મહેન્દ્રભાઈ પાડલીયા (ધોરાજી)

**પ્રશ્ન**

**રાજકોટ જિલ્લામાં આવેલ કુલ ઘાસ ગોડાઉનની તાલુકાવાર સંખ્યા કેટલી છે અને તેની સંગ્રહક્ષમતા કેટલી છે? તેમજ છેલ્લા બે વર્ષમાં કેટલા નવીન ગોડાઉન બનાવવામાં આવેલ છે. અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ?**

**જવાબ**

- રાજકોટ જિલ્લામાં **કુલ- ૪૧ ગોડાઉન** આવેલ છે અને તેની કુલ સંગ્રહક્ષમતા **૯૬.૫૦ લાખ કિ.ગ્રા.** છે જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ગોડાઉનની સંખ્યા | સંગ્રહક્ષમતા |
|---|---|---|
| રાજકોટ | ૫ | ૯.૫૦ લાખ |
| કોટડા સાંગાણી | ૨ | ૩.૦૦ લાખ |
| લોધીકા | ૯ | ૨૨.૫૦ લાખ |
| જસદણ | ૪ | ૧૦.૦૦ લાખ |
| વીંછીયા | ૪ | ૧૦.૦૦ લાખ |
| ગોંડલ | ૯ | ૨૧.૫૦ લાખ |
| ઉપલેટા | ૩ | ૭.૫૦ લાખ |
| જામકંડોરણા | ૪ | ૧૦.૦૦ લાખ |
| જેતપુર | ૧ | ૨.૫૦ લાખ |
| **કુલ** | **૪૧** | **૯૬.૫૦** લાખ |

- રાજકોટ જિલ્લામાં **છેલ્લા બે વર્ષ**માં **૭ નવીન ગોડાઉન** બનાવવામાં આવેલ છે. જેની પાછળ **કુલ રૂ.૩૫૦.૦૦ લાખ**નો ખર્ચ થયેલ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

૨૫૦ લાખ

| વર્ષ | તાલુકાનું નામ | ગોડાઉનની સંખ્યા | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ~~૨૦૨૧-૨૨~~ | ~~લોધીકા~~ | ~~૧~~ | ~~૫૦~~ લાખ |
| | ~~પડધરી~~ | ~~૧~~ | ~~૫૦~~ લાખ |
| ૨૦૨૨-૨૩ | જસદણ | ૧ | ૫૦ લાખ |
| | જામકડોરણા | ૧ | ૫૦ લાખ |
| | લોધીકા | ૧ | ૫૦ લાખ |
| ૨૦૨૩-૨૪ | વીંછીયા | ૧ | ૫૦ લાખ |
| | ઉપલેટા | ૧ | ૫૦ લાખ |
| | **કુલ** | ~~**૭**~~ ૫ | ~~**૩૫૦**~~ લાખ |

૨૫૦ લાખ

૫

# અગ્રતાક્રમાંક.૧૧

રમેશભાઈ ટીલાળા (રાજકોટ દક્ષિણ)

**પ્રશ્ન**

**રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી અનામત વીડી અને કેટલી બિનઅનામત વીડી આવેલી છે? તથા તેનો કુલ વિસ્તાર કેટલો છે?**

**જવાબ**

રાજકોટ જિલ્લામાં આવેલ **૧૯** અનામત વીડી આવેલ છે. જેનો કુલ વિસ્તાર **૬૮૨૯.૬૩ હેક્ટર** છે. જ્યારે **૧૨૩** બિન અનામત વીડી આવેલ છે. જેનો કુલ વિસ્તાર **૫૦૫૬.૦૭ હેક્ટર છે.** રાજકોટ જિલ્લામાં અનામત અને બિન અનામત વીડીઓ એમ, બંને મળીને કુલ **૧૪૨** વીડી છે. જેનો કુલ વિસ્તાર **૧૧,૮૮૫.૭૦ હેક્ટર** છે.

| અનં. | તાલુકો | અનામતવીડી | | બિનઅનામતવીડી | | એકંદરેકુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | વિસ્તાર (હેક્ટર) | સંખ્યા | વિસ્તાર (હેક્ટર) | સંખ્યા | વિસ્તાર (હેક્ટર) |
| ૧ | રાજકોટ | ૭ | ૨૩૭૮.૪૫ | ૨૦ | ૧૧૫૨.૪૩ | ૨૭ | ૩૫૩૦.૮૮ |
| ૨ | લોધીકા | ૨ | ૬૪૬.૦૯ | ૧ | ૩૮.૫૨ | ૩ | ૬૮૪.૬૧ |
| ૩ | કોટડા સાંગાણી | ૧ | ૧૪૪.૫૧ | ૬ | ૩૦૫.૮૪ | ૭ | ૪૫૦.૩૫ |
| ૪ | જસદણ | ૩ | ૨૬૨૫.૮૦ | ૩૦ | ૧૫૫૯.૧૭ | ૩૩ | ૪૧૮૪.૯૭ |
| ૫ | ગોંડલ | ૩ | ૫૦૦.૦૧ | ૨૪ | ૭૧૭.૧૫ | ૨૭ | ૧૨૧૭.૧૬ |
| ૬ | ઉપલેટા | ૧ | ૧૬૨.૨૫ | ૯ | ૩૧૬.૮૧ | ૧૦ | ૪૭૯.૦૬ |
| ૭ | જેતપુર | ૦ | ૦ | ૮ | ૨૩૮.૨૧ | ૮ | ૨૩૮.૨૧ |
| ૮ | જામકંડોણા | ૧ | ૧૬૦.૪૬ | ૬ | ૧૨૧.૯૫ | ૭ | ૨૮૨.૪૧ |
| ૯ | ધોરાજી | ૦ | ૦ | ૧૦ | ૩૩૮.૨૩ | ૧૦ | ૩૩૮.૨૩ |
| ૧૦ | પડધરી | ૧ | ૨૧૨.૦૬ | ૯ | ૨૬૭.૭૬ | ૧૦ | ૪૭૯.૮૨ |
| **કુલ--** | | **૧૯** | **૬૮૨૯.૬૩ હેક્ટર** | **૧૨૩** | **૫૦૫૬.૦૭ હેક્ટર** | **૧૪૨** | **૧૧૮૮૫.૭૦ હેક્ટર** |

# પૂરક નોંધ

- વન વિભગ દ્વારા રાજ્યમાં સૌ પ્રથમ ૧૯૫૪ થી ગોડાઉનો બાંધી જંગલ વિસ્તારમાંથી ઘાસ એકત્રિત કરી સંગ્રહ કરવાની પ્રથા ચાલુ કરવામાં આવેલ છે.
- તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૪૨૦.૪૪ લાખ કિ.ગ્રા. ઘાસનો જથ્થો ઉપલબ્ધ છે.
- તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કુલ ૯૧.૬૯ લાખ કિ.ગ્રા. ઘાસનો જથ્થો ઉપલબ્ધ છે.
- એક ગોડાઉન બાંધકામનો ખર્ચ રૂા. ૫૦.૦૦ લાખ થાય છે.
- રાજ્યમાં ઘાસ સંગ્રહ માટે **કુલ-૩૭૦ ગોડાઉન** છે. તેની ઘાસ સંગ્રહ ક્ષમતા **૭૪૭.૩૦ લાખ કિ.ગ્રા.** છે.

## અનામત વીડી અને બીનઅનામત વીડી વચ્ચે શું તફાવત છે?

(૧) **અનામત વીડી-** એક લાખ કિલો ગ્રામથી વધુ ઘાસ ઉત્પાદન આપતી વીડીઓનો અનામત વીડીમાં સમાવેશ કરવામાં આવે છે.

(૨) **બિનઅનામત વીડી-** એક લાખ કિલો ગ્રામથી ઓછું ઘાસ ઉત્પાદન આપતી વીડીઓનો બિનઅનામત વીડીમાં સમાવેશ કરવામાં આવે છે.

- રાજ્યમાં અનામત વીડી **કુલ-૧૪૫** છે. તેનો વિસ્તાર- **૬૭,૮૧૮** હેક્ટર છે.
- રાજ્યમાં બિન અનામત વીડી **કુલ-૪૬૯** છે. તેનો વિસ્તાર- **૪૯,૮૨૫** હેટકર છે.

**કુલ વીડી- ૬૧૪** **કુલ વિસ્તાર -૧,૧૭,૬૪૩ હેક્ટર**

- એક ગાંસડીનું સામાન્ય રીતે વજન - ૮૦ થી ૯૦ કિલો ગ્રામ હોય છે.
- સામાન્ય રીતે નવેમ્બર માસ પછી ઘાસ એકત્રિકરણની શરૂઆત કરાય છે. જે બીજા વર્ષે ફેબ્રુઆરી માસ સુધી ચાલુ રહે છે.
- રાજ્યમાં ઘાસની મુખ્ય પ્રજાતિઓ - શણિયાર, જિંજવો, ધ્રાફળો અને મોશતી.
- નિમ્ન ગુણવત્તાળી ઘાસની પ્રજાતિઓ- ગંધારૂ, રોશા, બારૂ તથા લમ્પાડુ.
- રાજકોટમાં **૪૧** ગોડાઉન, સંગ્રહક્ષમતા- **૯૬.૫૦** લાખ કિ.ગ્રા.
- રોજગારીના હાલના દર- **રૂ.૪૬૨.૦૦** (૨૦૨૩-૨૪ ના વર્ષના)
- રાજકોટ જિલ્લામાં અનામત વીડી-૧૯, બિન અનામત વીડી- ૧૨૩, કુલ-૧૪૨ બન્નેનો ભેગો વિસ્તાર- ૧૧,૮૮૫.૭૦ હેક્ટર
- મહેસૂલ વિભાગને વન વિભાગે રૂ.૧૨.૦૦ પ્રતિ કિલોના દરે ઘાસ આપેલ છે.
- મહેસૂલ વિભાગ ખેડૂતોને રૂ.૨ પ્રતિ કિલોના દરે ઘાસ આપેલ છે.
- રાજકોટમાં યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની પાસે ઘાસ ગોડાઉનનો વીમો ઉતરાવેલ છે.
- રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કુલ.૪૩.૩૬ લાખ કિ.ગ્રા. ઘાસ એકત્રિત કરવામાં આવ્યું અને તેમાં કુલ રૂા.૩૫૬.૮૪ લાખનો ખર્ચ થયેલ છે.

**રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં**

ઉત્પન્ન થયેલ માનવ દિન - ૬૦૨૫૯

મજૂરોને કરેલ ચૂકવણું - રૂ.૨૧૪.૧૧ લાખ

**રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૩-૨૪ માં**

ઉત્પન્ન થયેલ માનવ દિન - ૦

મજૂરોને કરેલ ચૂકવણું - રૂ.૦ લાખ

**બંને વર્ષના કુલ ઉત્પન્ન થયેલ માનવદિન કુલ ૬૦૨૫૯ માનવદિન ઉત્પન્નથયા અને મજૂરોને રૂા.૨૧૪.૧૧ લાખનું ચુકવણું કરવામાં આવ્યું.**

- **અનામત વીડી/બિન અનામત વીડી– બંનેમાંથી ઘાસ એકત્રિત કરવામાં આવે છે કે માત્ર અનામત વીડીમાંથી કરવામાં આવે છે?**

અનામત વીડીમાંથી ઘાસ એકત્રિત કરવામાં આવે છે. સાથો સાથ બિન અનામત વીડી પૈકી જે વીડીમાં ઘાસ સુધારણા અંતર્ગત કામગીરી કરાયેલ હોય, તે વીડીમાંથી પણ ઘાસ એકત્રિત કરવામાં આવે છે.

- ગોડાઉનની કેપેસીટી કરતા વધારે જથ્થો ઉત્પન્ન થયો હોય તો ઘાસ પ્લેટફોર્મ / ગંજીમાં સંગ્રહ કરવામાં આવે છે.

**૧૧**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૭૮૧**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ:**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ)**

---

**પ્રશ્ન:૧ ગુજરાત રાજયમાં અછત અથવા તો અન્ય કુદરતી આપત્તિ વખતે માલ ઢોર માટે ઘાસની ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવા શું વ્યવસ્થા કરવામાં આવી છે? તથા દેશમાં અન્ય રાજ્યોમાં આવી વ્યવસ્થા છે કે કેમ ?**

**જવાબ:** માન.અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે દેશમાં ગુજરાત રાજય, એક જ એવું રાજય છે કે જેમાં રાજય સરકારના વન વિભાગ દ્વારા ઘાસ એકત્રીકરણ, સંગ્રહ અને વિતરણની કામગીરી કરવામાં આવે છે. વન વિભાગ દ્વારા રાજયમાં સૌ પ્રથમ ૧૯૫૪ થી ગોડાઉનો બાંધી જંગલ વિસ્તારમાંથી ઘાસ એકત્રિત કરી સંગ્રહ કરવાની પ્રથા ચાલુ કરવામાં આવેલ છે. ભારતના કોઈ પણ રાજ્યમાં વન વિભાગની વીડીમાંથી સરકારશ્રી દ્વારા ઘાસ એકત્ર કરવામાં આવતું નથી.

ગુજરાત રાજયમાં અછત અથવા કુદરતી આપત્તિ વખતે માલઢોર માટે ઘાસની ઉપલબ્ધી સુનિશ્ચિત કરવા માટે વન વિભાગ દ્વારા જયાં જયાં ઘાસ ઉત્પાદનના સ્ત્રોત છે, તેવા તમામ જિલ્લાઓમાં વન વિસ્તારમાંથી ઘાસનો જથ્થો એકત્રિત કરવામાં આવે છે અને તેનો સંગ્રહ કરવા માટે ગોડાઉનો બનાવેલ છે, જેમાં ઘાસને સુરક્ષિત રાખવામાં આવે છે. આ ઘાસનું અછત અથવા અન્ય કુદરતી આપત્તિ વખતે મહેસૂલ વિભાગ મારફતે વિતરણ કરવામાં આવે છે. હાલ તા.૩૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ ગુજરાતમાં કુલ ૪૨૦.૪૪ લાખ કિ.ગ્રા. જેટલો ઘાસનો જથ્થો ઉપલબ્ધ છે.

**પ્રશ્ન:-૧૦ વન વિભાગ દ્વારા ઘાસના છુટક વેચાણના શું દર મંજૂર કરવામાં આવેલ છે?**

**જવાબ:-**

ઘાસની કામગીરી શ્રમલક્ષી કામગીરી છે. દૈનિક વેતન દરને ધ્યાને લઈ ઘાસ કાપણી, ગાંસડી બાંધવાની, ગાંસડી પ્રેસ કરવાની, ગોડાઉનમાં ગોઠવવાની તેમજ વાહતુક કરવાની તમામ બાબતોને આવરી લઈ સરકારશ્રી દ્વારા ઘાસ એકત્રીકરણના દર મંજુર કરવામાં આવે છે અને પડતર કિમતને ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા નહીં નફો નહીં નુકસાનના ધોરણે મંજુર થયેલ દર મુજબ ઘાસનું વિતરણ કરવામાં આવે છે. આ અંગે વન અને પર્યાવરણ વિભાગના તા.૧૩/૯/૨૦૧૯ ના ઠરાવથી મહેસૂલ વિભાગના પરામર્શમાં દર નક્કી કરાયેલ છે, જેની વિગતો આ પ્રમાણે છે.

| વિગત | ઘાસ સંગ્રહનું વર્ષ | ગોડાઉનના ઘાસનો દર પ્રતિ ૧ કિ.ગ્રા. |
|---|---|---|
| ત્રણ વર્ષ જૂનું ઘાસ | ૨૦૧૬-૧૭ | રૂા ૭.૭૦ |
| બે વર્ષ જૂનું ઘાસ | ૨૦૧૭-૧૮ | રૂા ૮.૩૪ |
| એક વર્ષ જૂનું ઘાસ | ૨૦૧૮-૧૯ | રૂા ૮.૯૮ |

વર્ષ ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧, તથા ૨૦૨૧-૨૨ ના વર્ષ માટેના ઘાસના છુટક વેચાણદર સરકારશ્રીની વિચારણા હેઠળ છે. જયારે ૨૦૨૨-૨૩ ના દર અંગે હવે પછી દરખાસ્ત કરવાની થાય છે

**પ્રશ્ન:-૧૧ રાજ્યમાં તથા રાજકોટ જીલ્લામાં ઘાસનો ઉપલબ્ધ જથ્થો તથા ગોડાઉનમાં સંગ્રહ કરાયેલ જથ્થાની વિગતો શું છે ?**

**જવાબ:- રાજ્યમાં તથા રાજકોટ જીલ્લામાં ઘાસનો ઉપલબ્ધ જથ્થો તથા ગોડાઉનમાં સંગ્રહ કરાયેલ જથ્થાની વિગતો નીચે મુજબ છે**

(૧) **તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ**

| | | |
|---|---|---|
| રાજ્યમાં કુલ ઘાસનો જથ્થો | – | ૪૨૦.૪૪ લાખ કિ.ગ્રા. |
| તે પૈકી ગોડાઉનમાં સંગ્રહ કરાયેલ જથ્થો | – | ૪૦૫.૫૮ લાખ કિ.ગ્રા. |

(બાકીનો ૧૪.૮૭ લાખ કિ.ગ્રા. ઘાસનો જથ્થો પાકા પ્લેટફોર્મ ઉપર બનાવેલ ગંજીમાં સંગ્રહ કરી રાખવામાં આવેલ છે.)

**રાજકોટ જિલ્લામાં ઘાસનો જથ્થો**

(૧) **તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ**

| | | |
|---|---|---|
| રાજકોટ જિલ્લામાં કુલ ઘાસનો જથ્થો | – | ૫૮.૨૨ લાખ કિ.ગ્રા. |
| તે પૈકી ગોડાઉનમાં સંગ્રહ કરાયેલ જથ્થો | – | ૫૮.૨૨ લાખ કિ.ગ્રા. |

**પ્રશ્ન:-૧૬ ગોડાઉનમાં રહેલ ઘાસની ચાર વર્ષ બાદ હરાજીની પ્રક્રિયા શું છે ?**

જવાબ:- ગોડાઉનનું ઘાસ ત્રણ વર્ષ સુધી અને ત્યાર બાદ હજી સારી સ્થિતિમાં હોય તો ચાર વર્ષ સુધી અનામત રાખવામાં આવે છે અને તે પ્રમાણે ત્રણ કે ચાર વર્ષ પછી મહેસુલ વિભાગની મંજુરી મેળવી ઘાસની ગુણવત્તા અને પડતર કિંમતને ઘ્યાનમાં લઈ અંદાજીત કિંમત તૈયાર કરવામાં આવે છે અને સક્ષમ અધિકારીની મંજુરી મળ્યા બાદ

સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં જાહેર નિવિદા આપી બહોળી પ્રસિધ્ધિ કરાવી આ ઘાસની હરાજી યોજવામાં આવે છે.

હરાજીમાં ભાગ લેનાર ઈજારદારો જાહેર હરાજીમાં નિયત કરેલ ઈ.એમ.ડી. ભરી ભાગ લે છે અને અપસેટ કિંમત કરતા સૌથી ઉંચી બોલીથી માંગણી થયેથી જે તે માંગણીદારની માંગણી મંજુર કરવામાં આવે છે અને મંજુર થયેલ રકમ વસુલ થયેથી ગોડાઉનનું ઘાસ જે તે ઈજારદારને સુપરત કરવામાં આવે છે.

**પ્રશ્ન:-૧૭ બિન અનામત વીડીની હરાજીની પ્રક્રિયા શું છે ?**

જવાબ:- વિભાગ દવારા બિન અનામત વીડીઓ જેમાં ઘાસ સુધારણા માટે ખાતારાહે કામગીરી કરવાની ન હોય તેવી બિનઅનામત વીડીઓની અંદાજીત કિંમત છેલ્લા ત્રણ વર્ષના અંદાજ ઘ્યાને લઈ સક્ષમ અધિકારી દવારા સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં જાહેર નિવિદા આપી બહોળી પ્રસિધ્ધિ કરાવી વીડીની હરાજી યોજવામાં આવે છે.

હરાજીમાં ભાગ લેનાર ઈજારદારો જાહેર હરાજીમાં ઇ.એમ.ડી. ભરી ભાગ લે છે અને અપસેટ કિંમત કરતા સૌથી ઉંચી બોલીથી માંગણી થયેથી જે તે માંગણીદારની માંગણી મંજુર કરવામાં આવે છે. અને જે તે ઈજારદાર દવારા બોલીની રકમ તાત્કાલિક ભરપાઈ કરાવી **સંબંધિત વીડીનો ઘાસ વાઢી લઈ જવાનો ઈજારો ૧ વર્ષની મુદત માટે આપવામાં આવે છે.**

સદરહુ હરાજીમાં પ્રથમ પ્રયત્ને સફળતા ન મળે તો બીજી બે વખત જાહેર નિવીદા દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરી હરાજી યોજવા પ્રયત્નો કરવામાં આવે છે.

**પ્રશ્ન:-૧૮ રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ગોડાઉન તથા ગંજીના ઘાસના કેટલા જથ્થાની હરાજી કરી? અને હરાજી ધ્વારા કેટલી રકમ ઉપજી?**

**જવાબ:-** રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ગોડાઉન તથા ગંજીના ઘાસની હરાજીની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | હરાજી કરેલ ઘાસનો જથ્થો (લાખ) | ઉપજેલ રકમ (લાખ) |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૧.૯૩ | ૨.૯૧ |
| ૨૦૨૨-૨૩ | ૪૧.૦૦ | ૩.૨૨ |
| ૨૦૨૩-૨૪(તા.૩૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ) | ૨૫.૬૬ | ૧.૩૩ |
| **કુલ** | **૮૮.૫૯** | **૭.૪૬** |

પ્રશ્ન:-૧૯ રાજકોટ જિલ્લામાં બિન અનામત વીડીઓની હરાજીની વિગતો શું છે ?

જવાબ:- રાજકોટ જિલ્લામાં કુલ- ૧૨૩ બિન અનામત વીડીઓ આવેલ છે, જેનો કુલ વિસ્તાર ૫૦૫૬.૦૭ હે. છે. ઉકત અનામત વીડીઓનું છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન આ પ્રમાણે વ્યવસ્થાપન કરવામાં આવેલ છે.

| કામગીરીનું વર્ષ | બિન અનામત વીડીની સંખ્યા | વાર્ષિક ધોરણે હરાજીથી આપવામાં આવેલ વીડીઓ | | | ખાતારાહે કરેલ કામગીરીની વીડીઓની સંખ્યા | |
|---|---|---|---|---|---|---|
| | | વીડીઓની સંખ્યા | અંદાજીત ઘાસ ઉત્પાદન | ઉપજેલ રકમ | વાવેતરની તેમજ વીડી સુધારણાની કામગીરી કરેલ હોય તેવી વીડીઓ | બાકી રહેતી વીડીઓ |
| ૨૦૨૧-૨૨ | ૧૨૩ | ૮૮ | ૨૨૮૦૦૦ | ૧૧૪૨૭૫૦ | ૦ | ૩૫ |
| ૨૦૨૨-૨૩ | ૧૨૩ | ૮૧ | ૧૯૯૦૦૦ | ૯૯૫૮૭૦ | ૦ | ૪૨ |
| ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ નીસ્થિતિએ) | ૧૨૩ | ૮૦ | ૨૩૬૦૦૦ | ૧૧૮૧૭૦૦ | ૦ | ૪૩ |

નોંધ:- બાકી રહેતી વીડીઓ માટે વારંવાર પ્રયત્ન કરવા છતાં હરાજીમાં કોઇ ભાગ ન લેવાથી ખાતારાહે કામગીરી લેવામાં આવેલ છે.

જાણકારી માટે

રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં બિનઅનામત વીડીઓ સંસ્થા / વ્યક્તિગત હરાજીથી આપેલ તેની વિગત.

| વર્ષ | ગૌશાળા / પંચાયત / સંસ્થા | વ્યક્તિગત | કુલ |
|---|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૩ | ૫૫ | ૮૮ |
| ૨૦૨૨-૨૩ | ૨૦ | ૬૧ | ૮૧ |
| ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ નીસ્થિતિએ) | ૨૨ | ૫૮ | ૮૦ |

**પ્રશ્ન:-૨૦ ગુજરાત રાજયમાં કેટલી અનામત વીડી અને કેટલી બિનઅનામત વીડીઓ છે, તેનો વિસ્તાર કેટલો છે અને આ વીડીઓનો વહિવટ કેવી રીતે કરવામાં આવે છે?**

**જવાબ:-** **રાજયમાં આવેલી વીડીની સંખ્યા**

| **વીડીનો પ્રકાર** | **સંખ્યા** | **વિસ્તાર** |
|---|---|---|
| અનામત વીડી | ૧૪૫ | ૬૭,૮૧૮ હેકટર |
| બિન અનામત વીડી | ૪૬૯ | ૪૯,૮૨૫ હેકટર |
| **કુલ** | **૬૧૪** | **૧,૧૭,૬૪૩ હેકટર** |

સારી ઉત્પાદકતા ધરાવતી અનામત વીડીઓમાંથી ખાતારાહે ઘાસ કાપી બેઈલિંગ કરી ગોડાઉન અથવા ગંજીમાં સંગ્રહ કરવામાં આવે છે. જયારે ઓછી ઉત્પાદકતા ધરાવતી **બિન અનામત વીડીઓને હરાજીથી ગૌશાળા, પાંજરાપોળ, ગ્રામ પંચાયત કે સહભાગી વન વ્યવસ્થા સમિતિઓને સોંપવામાં આવે છે.**

**પ્રશ્ન:-૨૧ ગંજી/ગોડાઉનમાં ઘાસને સંગ્રહ કરતી વખતે સરકારની મિલ્કતને નુકશાન ન થાય તે માટે વીમો ઉતારવામાં આવે છે કે કેમ ?**

જવાબ:-

(૧) વન વિભાગ દ્વારા એકત્રિત કરેલ ઘાસને સુરક્ષિત રાખવા માટે ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવે છે. આ સંગ્રહ કરેલ ઘાસને આગ, ધરતીકંપ, વાવાઝોડા વિગેરેથી સુરક્ષિત રાખવા માટે ઘાસની પડતર કિંમત તેમજ ગોડાઉનની કિંમત ધ્યાને લઇ તેટલી રકમ માટે વીમો લેવામાં આવે છે.

(૨) વીમાનું પ્રીમીયમ ઘાસની પડતર કિંમત તેમજ ગોડાઉનની કિંમત ધ્યાને લઇ તેટલી રકમના ૦.૫ થી ૧.૦૦ ટકા જેટલું હોય છે.

(૩) આવો વીમો એક વર્ષ માટે ઉતરાવવામાં આવે છે. વર્ષ પુર્ણ થતાં આ વીમો આપોઆપ રદ થાય છે અને નવા વર્ષ માટે ફરીથી નવેસરથી ઉપર મુજબ વીમો ઉતરાવવાનો રહે છે.

(૪) આવો વીમો સરકારશ્રી દ્વારા માન્ય નેશનલ ઇન્સ્યોરન્સ કંપની, યુનાઇટેડ ઇન્ડિયા ઇન્સ્યોરન્સ કંપની, ન્યુ ઇન્ડીયા ઇન્સ્યોરન્સ કંપની તથા નેશનલ ઇન્સ્યોરન્સ કંપની દ્વારા ઉતારવામાં આવે છે.

# ગોડાઉન અને ગંજીના જૂના ઘાસનો નિકાલ

**પ્રશ્ન:-૨૯ ગોડાઉનના ઘાસનો નિકાલ કઇ રીતે કરવામાં આવે છે?**

જવાબ:- ગુજરાત રાજયમાં વીડીઓમાંથી એકત્રિત કરેલ ઘાસ શકય હોય તેટલું ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવે છે અને બાકીનું ગંજીમાં સંગ્રહ કરવામાં આવે છે. ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવેલ ઘાસ ત્રણ વર્ષ સુધી અને ત્યાર બાદ હજી ઘાસ સારી હાલતમાં હોય તો ચાર વર્ષ સુધી અનામત રાખવામાં આવે છે અને તે પછી તેનો હરાજીથી નિકાલ કરવાનો રહે છે.

**પ્રશ્ન:-૩૦ ગંજીના ઘાસનો નિકાલ કઇ રીતે કરવામાં આવે છે?**

જવાબ:- ગંજીમાં ઘાસ સંગ્રહ કર્યા પછીનું ચોમાસું પસાર થયા બાદ, **ચોમાસું સારૂ ગયેલ હોય અને રાજયમાં ઘાસની તંગી ન હોય,** તેવા કિસ્સામાં ડીસેમ્બર માસ પછી બીજુ ચોમાસું બેસતા પહેલાં ઘાસ સારી સ્થિતિમાં હોય તો પણ હરાજીથી નિકાલ કરવાનો રહે છે.

**પ્રશ્ન:-૩૧ સ્થાનિક ગૌશાળા, પાંજરાપોળ અથવા દુધ મંડળી કે અન્ય સંસ્થાઓને મદદરૂપ થવા માટે સરકારશ્રી દ્વારા કોઇ જોગવાઇ કરવામાં આવેલ છે ? જો હા, તો તેના ધોરણો શું છે ?**

જવાબ:- **અનામત વીડીઓ:-** અનામત વીડીઓ સંસ્થાને આપવામાં આવતી નથી, પરંતુ અનામત વીડીઓનું વ્યવસ્થાપન વન વિભાગ દ્વારા જ કરવામાં આવે છે, અને તેમાંથી ઘાસ કાપી અને તેનો સંગ્રહ કરી અછતગ્રસ્ત વિસ્તારમાં ઉપલબ્ધ કરવામાં આવે છે.

**બિન અનામત વીડીઓ:-** જયારે સ્થાનિક લોકોની જરૂરીયાતને પહોંચી વળવા બિન અનામત વીડીઓ (રાષ્ટ્રીય ઉદ્યાન તથા અભ્યારણ્ય વિસ્તાર બહારની ) માત્ર એક સાલના ધોરણે ફાળવવામાં આ વે છે . જો ગામમાં સ હભાગી વ ન વ્યવસ્થા હેઠળ રજીસ્ટર્ડ થયેલ અથવા વન વિભાગના અધિકારપત્ર મેળવેલ વન સમિતિ અથવા મંડળી કાર્ય કરતી હશે, તો તેવી સમિતિને આમાં સૌ પ્રથમ પ્રાથમિકતા આપવાની રહે છે. ત્યાર પછી નીચે પ્રમાણેનો અગ્રતા ક્રમ રહેશે.

**(અ) જે તે ગામની સ્થાનિક સંસ્થાની માંગણી માટે નીચે મુજબનો અગ્રતા ક્રમ.**

**(૧) સ્થાનિક ગૌશાળા,પાંજરાપોળ કે જે ગૌસંવર્ધનનું કામ કરતી હોય.**

**(૨) સ્થાનિક માલધારી સહકારી મંડળી.**

**(૩) સ્થાનિક દૂધ ઉત્પાદન મંડળી**

**(૪) સ્થાનિક ગ્રામ પંચાયત**

ઉપર જણાવેલ સ્થાનિક સહકારી મંડળી પૈકી કોઈની માંગણી ન આવી હોય તો અન્ય ગામની સંસ્થાઓને ઉપર મુજબના અગ્રતા ક્રમ પ્રમાણે વીડી આપી શકાય છે.

ઉપરોક્ત બન્ને પ્રકારના કિસ્સામાં કોઈ પણ સંસ્થાની માંગણી ન આવી હોય તો હરાજીથી નિકાલ કરવાનો રહેશે.

(બ) વીડીની અજમાયશી કિંમત જે તે વીડીમાં થતા ઘાસના ઉત્પાદન તથા બજાર ભાવને ધ્યાને રાખી, વન વિભાગના નાયબ વન સંરક્ષકશ્રી, જે તે જિલ્લાના વિસ્તરણ વિભાગના નાયબ વન સંરક્ષકશ્રી તથા વર્તુળના વન સંરક્ષકશ્રીની કમીટી દ્વારા નક્કી કરવામાં આવે છે.

(ક) જે સંસ્થાઓને વીડી ફાળવવામાં આવે તે સંસ્થા પાસેના પશુઓની સંખ્યા તથા ઘાસની જરૂરીયાત ધ્યાને લઈ વીડીનો વિસ્તાર ફાળવવાનો રહે છે. અજમાયશી કિંમત મુજબની રકમ મોડામાં મોડી ૧૫-જુનસુધીમાં સંસ્થાએ ભરપાઈ કરવાની રહે છે. આવી રકમ સમયસર ભરવામાં સંસ્થા નિષ્ફળ જાય, તેવા સંજોગોમાં સંસ્થાની માંગણી રદ કરવામાં આવે છે.

વીડી ફાળવેલ સંસ્થા દ્વારા ઘાસનું વેચાણ કરી શકાશે નહીં.

**પ્રશ્નઃ -૩૨ વીડીમાં ઘાસનું ઉત્પાદન વધે તે માટે વન વિભાગ દ્વારા કોઈ પ્રયત્ન કરવામાં આવેલ છે કે કેમ?**

જવાબઃ હા, વન વિભાગ દ્વારા ઘાસ એકત્રિકરણ, રક્ષણ, ઉત્પાદન અને સંગ્રહ ક્ષમતામાં સુધારો કરવા એક વીડી સુધારણા યોજના તૈયાર કરવામાં આવેલ છે અને આ યોજના હેઠળ સરકારશ્રી દ્વારા તે માટે જરૂરી ગ્રાન્ટ ઉપલબ્ધ થઇ જાય છે અને ઘાસ એકત્રિકરણનો જથ્થો વધવા પામે છે.

**જાણકારી માટેઃ-**

**<u>વીડી સુધારણામાં કરાતી કામગીરી</u>**

- ઢોરોના ચરિયાણથી રક્ષણ
- બિનજરૂરી કાંટાળી વનસ્પતિ દૂર કરવી.
- ભૂમિ-ભેજ સંરક્ષણના કામો
- દવથી રક્ષણ માટે દવ-રેખા બનાવવી.
- ઘાસના બીજ તેમજ થૂમડાનું વાવેતર કરવું વગેરે.